ગરીબ કલ્યાણ મેળા વર્ષ ૨૦૧૪-૧૫

---

લાઈટ, સાઉન્ડ, સ્ટેજ તથા કન્ટીજન્સી ખર્ચની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ગકમ-૨૦૧૪-૧૨૭૬-ડ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૦-૦૯-૨૦૧૪

**વંચાણે લીધા :-**

(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : ગકમ / ૨૦૧૪ / ૧૨૭૬ / ડ તા.૩૧-૭-૨૦૧૪

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : ગકમ / ૨૦૧૪ / ૧૨૭૬ / ડ તા.૧૨-૯-૨૦૧૪

**ઠરાવ :-**

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સંદર્ભમાં નિર્દિષ્ટ તા.૩૧-૭-૨૦૧૪ ના ઠરાવથી સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે રૂા.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે તેમાંથી સંદર્ભ-(૨)માં નિર્દિષ્ટ તા.૧૨-૯-૨૦૧૪ ના ઠરાવથી પ્રથમ તબકકાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રી ધ્વારા સને ૨૦૧૪-૧૫ દરમ્યાન બીજા તબકકાના ગરીબ કલ્યાણ મેળા તા.૨૮-૯-૧૪ થી તા.૧૧-૧૦-૧૪ દરમ્યાન ૮૬ તાલુકા કક્ષાએ યોજનાર મેળા અને મ્યુનિ.કોર્પોરેશનના મેળા મળી કુલ-૪૮ ગરીબ કલ્યાણ મેળા યોજવાનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે. આ ગરીબ કલ્યાણ મેળા યોજવા માટે લાઈટ, સાઉન્ડ, સ્ટેજ તથા કન્ટીજન્સી ખર્ચ માટેની ગ્રાન્ટની રકમ ફાળવવાની થાય છે.

રાજ્ય સરકાર ધ્વારા કુલ-૪૮ ગરીબ કલ્યાણ મેળા યોજવાનું નકકી કરવામાં આવેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં અમદાવાદ મહાનગરપાલિકા ખાતે-૨, ભાવનગર મહાનગરપાલિકા ખાતે-૧, જુનાગઢ મહાનગરપાલિકા ખાતે-૧ અને